Seat No.: [ ][ ][ ][ ][ ][ ][ ]

# 022(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 63 પ્રશ્નો છે.
2) જવાબ આપતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
3) વિભાગની સામે કૌંસમાં લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.
5) વિભાગ C, D અને E માં જનરલ વિકલ્પ આપવામાં આવ્યા છે.

## વિભાગ - A

■ નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે. **[20]**

1) આકૃતિ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(A) અસતત

(B) સતત

(C) આદર્શ

(D) વિષમ

2) કોના નિષ્ણાતો આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માથાદીઠ આવકને સ્વીકારવાની હિમાયત કરે છે ?

(A) વિશ્વબેંક

(B) સંયુક્ત રાષ્ટ્રસંઘ

(C) I.M.F.

(D) વિશ્વ વ્યાપાર સંગઠન

3) આર્થિક વૃદ્ધિમાં કયાં પરિવર્તનો જ ધ્યાનમાં લેવાય છે ?

(A) પરિમાણાત્મક પરિવર્તન (B) ગુણાત્મક પરિવર્તન
(C) દીર્ઘકાલીન પરિવર્તન (D) મોસમી પરિવર્તન

4) "વાસ્તવિક આવક કરતા નાણાકીય આવક વધારે ઝડપથી વધે તેને ફુગાવો કહે છે." આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) લર્નર
(B) પીગુ
(C) કેઈન્સ
(D) રોબર્ટસન

5) વેપારી બેન્કના કયા ખાતાની થાપણો વધુ તરલ હોય છે ?

(A) બચત ખાતાની થાપણો
(B) મુદતી થાપણો
(C) ચાલુ ખાતાની થાપણો
(D) રીકરિંગ થાપણો

6) ભારતના વિદેશી હૂંડિયામણના જથ્થાની સાચવણી કોણ કરે છે ?

(A) કેન્દ્ર સરકારનું વિદેશ મંત્રાલય
(B) N.S.S.O.
(C) R.B.I.
(D) કેન્દ્ર સરકારનું નાણા મંત્રાલય

7) ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચે ગ્રામ્યક્ષેત્રે વ્યક્તિની ખોરાકમાં ન્યૂનતમ દૈનિક કેટલી કેલરી નક્કી કરી છે ?

(A) 2100 (B) 2300
(C) 2400 (D) 2200

8) 'પ્રધાનમંત્રી જનધન યોજના' કયા વર્ષમાં શરૂ કરવામાં આવી ?

(A) 1991 (B) 1995
(C) 2014 (D) 2001

9) સાદા મોબાઈલ ફોનના સ્થાને સ્માર્ટ મોબાઈલ ફોન આવતા સર્જાતી બેરોજગારી એ કયા પ્રકારની બેરોજગારી કહેવાય ?

(A) ચક્રીય બેરોજગારી

(B) પ્રચ્છન્ન બેરોજગારી

(C) મોસમી બેરોજગારી

(D) ઘર્ષણજન્ય બેરોજગારી

10) બેરોજગારીનું સ્વરૂપ કે પ્રકારો જાણવા માટેના ચાર માપદંડો કોણે રજૂ કર્યા છે ?

(A) મહાલનોબિસ

(B) કેઈન્સ

(C) રોડાન

(D) રાજકૃષ્ણ

11) ભારતમાં વસ્તી ગણતરી દર કેટલા વર્ષે કરવામાં આવે છે ?

(A) 10

(B) 20

(C) 5

(D) 7

12) ઇ.સ. 2011માં ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?

(A) 933

(B) 918

(C) 940

(D) 936

13) સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતની રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રના ફાળામાં શું ફેરફાર થઈ રહ્યો છે ?

(A) સ્થિર રહ્યો છે.

(B) ધીમા દરે વધારો થાય છે.

(C) ઘટે છે.

(D) ઝડપથી વધારો થાય છે.

14) નીચેનામાંથી કયો રોકડિયો પાક છે ?

(A) ઘઉં

(B) બાજરી

(C) મકાઈ

(D) શેરડી

15) વેપાર તુલા એટલે શું ?

(A) ચાલુ ખાતાની તુલા

(B) મૂડી ખાતાની તુલા

(C) દશ્ય વેપારની તુલા

(D) અદશ્ય વેપારની તુલા

16) લેણદેણની તુલામાં કેટલા ખાતા હોય છે ?

(A) 2

(B) 3

(C) 4

(D) 5

17) ખાખરા બનાવવાનો ઉદ્યોગ એ નીચેનામાંથી કયા પ્રકારના ઉદ્યોગનું ઉદાહરણ છે ?

(A) ગૃહ ઉદ્યોગ

(B) ટચૂકડા ઉદ્યોગ

(C) નાના પાયાનો ઉદ્યોગ

(D) મધ્યમ પાયાનો ઉદ્યોગ

18) ગુજરાત રાજ્યમાં વિશિષ્ટ આર્થિક વિસ્તારની સ્થાપના કયાં સ્થળે કરવામાં આવી છે ?

(A) માંડવી

(B) કંડલા

(C) દ્વારકા

(D) વેરાવળ

19) ભારતમાં વિજળી કેટલી રીતે મેળવી શકાય છે ?

(A) 2

(B) 5

(C) 4

(D) 3

20) ભારતના બંધારણે આપેલા આદેશ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવાની જવાબદારી કોની છે ?

(A) કેન્દ્ર સરકાર

(B) નગર પાલિકા

(C) મહાનગર પાલિકા

(D) રાજ્ય સરકારો

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના ઉત્તરો એક-બે વાક્યમાં આપો.** **[10]**

**દરેક પ્રશ્નનો 1 ગુણ છે.**

21) N.S.S.O. નું પૂર્ણનામ આપો.

22) માનવ વિકાસ આંકનું મૂલ્ય કેટલું હોય છે ?

23) શાખસર્જનનું સૂત્ર જણાવો.

24) જુદા-જુદા દેશોમાં નિરપેક્ષ ગરીબીની તુલના કયા માપદંડની મદદથી કરી શકાય છે ?

25) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાની શરૂઆત કયા વર્ષથી કરવામાં આવી છે ?

26) મૃત્યુદરનો અર્થ આપો.

27) ભારતમાં સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર કયું છે ?

28) વિદેશ વેપારની દિશા એટલે શું ?

29) જાહેરક્ષેત્રના એકમોનું કેટલા વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવે છે ?

30) ભારત સરકારનું સૌથી મોટું જાહેર સાહસ કયું ગણાય છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈ પણ 12 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[24]**

31) આકૃતિ અને આલેખ વચ્ચેનો તફાવત જણાવો. (કોઈપણ બે મુદ્દા)

32) વૃત્તાંશ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની કોઈપણ બે બાબતો જણાવો.

33) આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિની વ્યાખ્યા આપો.

34) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માથાદીઠ આવકની ગમે તે બે મર્યાદાઓ સમજાવો.

35) "ખૂબ વધુ નાણું ઓછી વસ્તુઓને પકડવા દોડે ત્યારે ફુગાવો સર્જાય છે" - વિધાન સમજાવો.

36) સાટા પ્રથામાં મૂલ્ય માપનની મુશ્કેલી ઉદાહરણ આપી સમજાવો.

37) રીકરિંગ થાપણો એટલે શું ?

38) R.B.I. ના ગમે તે બે બિનનાણાકીય કાર્યો સમજાવો.

39) અર્ધ-બેરોજગારનો અર્થ અને તેનું એક ઉદાહરણ આપો.

40) વસ્તીનાં વલણો એટલે શું ?

41) "કૃષિક્ષેત્ર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ સમાન છે" - સમજાવો.

42) વેપાર તુલા અને લેણદેણની તુલાનો અર્થ આપો.

43) આંતરિક વેપાર અને વિદેશ વેપાર વચ્ચેના તફાવતના કોઈપણ બે મુદ્દા સમજાવો.

44) નાના પાયાનો ઉદ્યોગ એટલે શું ?

45) ઔદ્યોગિકીકરણથી કેવી રીતે સામાજિક માળખામાં ફેરફાર કરી શકાય ?

46) સ્થળાંતરની નકારાત્મક અસરોના માત્ર મુદ્દા જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[21]**

47) અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યુટર ટેક્નોલોજીના કોઈપણ ત્રણ ઉપયોગ સમજાવો.

48) જીવનની ભૌતિક ગુણવત્તામાં સમાવેશ થતી બાબતો જણાવો.

49) ગરીબી માટેના આર્થિક કારણો સમજાવો. (કોઈપણ ત્રણ)

50) ગરીબીનિવારણ માટેના રોજગારલક્ષી કાર્યક્રમો સમજાવો. (કોઈપણ ત્રણ)

51) ચક્રીય બેરોજગારીનો ખ્યાલ સ્પષ્ટ કરો.

52) "હરિયાળી ક્રાંતિના વેગ અને વિસ્તાર દ્વારા બેરોજગારીની સમસ્યા હળવી કરી શકાય" - સમજાવો.

53) ભારતમાં વસ્તી-નિયંત્રણના કોઈપણ ત્રણ ઉપાયો સમજાવો.

54) પાકની ફેરબદલી સમજાવો.

55) વિદેશ વેપારના કારણો સમજાવો. (કોઈપણ ત્રણ)

56) શહેરીકરણની કોઈપણ ત્રણ હકારાત્મક અસરો ચર્ચો.

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 57 થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

57) નાણાંના પ્રકારો જણાવી નાણાંના કાર્યો ચર્ચો.

58) R.B.I. ની નાણાકીય નીતિના પરિમાણાત્મક સાધનોની સમજૂતી આપો. (કોઈપણ પાંચ)

59) જન્મદરનો અર્થ આપો. ભારતમાં ઊંચા જન્મદર માટેના સામાજિક પરિબળો (કારણો) ચર્ચો.

60) ભારતમાં ખેત ઉત્પાદકતા વધારવા માટેના કોઈપણ પાંચ ટેક્નોલોજીકલ સુધારાઓ ચર્ચો.

61) ઔદ્યોગિક વિકાસ માટે ભારત સરકારે લીધેલા પગલા ચર્ચો. (કોઈપણ પાંચ)

62) ભારતમાં શહેરીકરણની સમસ્યાને હળવી કરવાના ઉપાયો સમજાવો. (કોઈપણ પાંચ)

63) નીચે આપેલી આંકડાકીય માહિતીને સમય આધારિત રેખાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરો.

| વર્ષ | 1990-92 | 2000-02 | 2005-07 | 2010-12 | 2014-16 |
|---|---|---|---|---|---|
| ભારતમાં કુલ કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ (ટકામાં) | 24 | 18 | 21 | 16 | 15 |

નોંધ : ફક્ત અંધજન વિદ્યાર્થીઓ માટે સૂચના :

ઉપર આપેલી માહિતીનું માત્ર વિશ્લેષણ કરવું.

◆◆◆